<u>**મુ.અ.નં.૧૦૨/૨૬**</u>

<u>**તલોદ પો. સ્ટે.ગુ.ર.નં.૪૬૨/૨૬**</u>

<u>**અરજદાર રવિન્દ્રસિંહ નવલસિંહ ઝાલાની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ ની કલમ–૪૯૭ ની અરજી હેઠળ હુકમ**</u>

૧) અરજી વંચાણે લીધી, સાંભળ્યા.

૨) આ કામે અરજદારે હાલની અરજી કરીને અરજ ગુજારેલ છે કે, તેમની માલીકીનો વીવો કંપનીનો નોઈર બ્લેક કલરની બોડીવાળો મોબાઈલ છે. જેનો આઈ.એમ.ઈ.આઈ. નં.૮૬૦૩૨૭૦૮૮૦૦૭૨૧૨, ૮૬૦૩૨૭૦૮૮૦૦૭૨૦૪ છે. જયારે તેનુ મોડલ VIVO S/P-X300 FE નો છે અને જેનો કલર નોઈર બ્લેક છે મોબાઈલ તલોદ પોલીસે ગુ.ર.નં.૪૬૨/૨૬ ના કામે કબજે લીધેલ છે. સદરહું મોબાઈલ અરજદાર ની માલીકીનો છે તે બતાવવા મોબાઈલના બીલની ઝેરોક્ષ, આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ,એફ.આઈ.આર.ની નકલ તથા આરોપીની નો કલેઈમ પુરસીસ રજુ કરેલ છે અને સદરહુ મોબાઈલ અરજદાર અંગત ઉપયોગ સારુ જરુર હોય તેમજ પોલીસ સ્ટેશને મોબાઈલ મુકવા માટે યોગ્ય લોકરની પણ વ્યવસ્થા ના હોવાના કારણે મોબાઈલ તેમજ તેની બેટરી બગડી જવાનો ભય રહેલ હોઈ તે પરત સોંપવા અરજ ગુજારેલ છે.

૩) અરજી સંદર્ભે પોલીસ અભિપ્રાય વંચાણે લેતાં, અરજદાર ને મુદામાલ પરત નહી સોપવા તેમનો સ્પષ્ટ અભિપ્રાય છે.

૪) અરજદાર તરફે પોતાની અરજીમાં જણાવ્યા મુજબ કબજે લેવાયેલ મુદ્દામાલ માટે મોબાઈલના બીલની ઝેરોક્ષ નકલ, આધાર કાર્ડની નકલ, એફ.આઈ.આર.ની નકલ તથા આરોપીની નો કલેઈમ પુરસીસ રજુ કરેલ છે. આમ રજુ થયેલ દસ્તાવેજોના આધારે અરજદાર અરજીમાં જણાવેલ મોબાઈલના માલીક હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે.

૫) વધુમાં આ કામે પોલીસ અભિપ્રાય તેમજ તે સાથે રજુ પંચનામુ તેમજ મુદ્દામાલ પાવતી ધ્યાને લીધી. અરજદારની અરજી ધ્યાને લેતા મુદ્દામાલ જો

વધુ સમય પોલીસ સ્ટેશનમાં રહે તો નુકશાન થાય તેમ જણાય છે અને હાલના અરજદાર એ માલીક હોવાનું ફલીત થતુ હોય આ મુદ્દામાલ વચગાળા માટે પરત સોપવો યોગ્ય અને વાજબી હોવાનું માનુ છું.

ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં તેમજ ના.સુપ્રિમ કોર્ટે આપેલ **<u>ચુકાદો ૨૦૦૩(૧) જી.એલ. એચ. (એસ.સી) (સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત) ના</u>** ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે કે જપ્ત કરાયેલ મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં લાંબા સમય સુધી રાખવા કોઈ રીતે ઉપયોગી નથી. મુદ્દામાલ ઉપર આપવા પડતા બોન્ડ અને ગેરંટી લઈને તેમજ સીકયુરીટી લઈને મેજીસ્ટ્રેટે યોગ્ય હુકમ કરવાનો રહેશે. આમ નામ. સુપ્રિમ કોર્ટે પણ સદરહુ મુદ્દામાલ લાંબો સમય સુધી પોલીસ સ્ટેશને રાખવા કોઈ રીતે ઉપયોગી નથી તેમ ઠરાવેલ છે. આમ ઉપર ચર્ચા કર્યા મુજબની વિગતે તેમજ નામ. સુપ્રિમ કોર્ટનુ જજમેન્ટ નીગાહે લેતાં યોગ્ય શરતોને આધીન મુદ્દામાલ અરજદારને વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો હુકમ કરવામાં આવશે તો તે યોગ્ય અને ન્યાયી લેખાશે તેમ આ અદાલતનું માનવુ છે. આમ, આ સંજોગોમાં મુદ્દામાલ અરજદાર ને પરત સોંપવામાં આવે તો તે યોગ્ય અને વ્યાજબી હોવાનું જણાઈ આવતુ હોઈ યોગ્ય શરતોને આધિન યોગ્ય રકમના જામીન અને જાત મુચરકા રજુ કર્યેથી અરજદારને મુદ્દામાલ પરત સોંપવા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

૧. આથી અરજદાર રવિન્દ્રસિંહ નવલસિંહ ઝાલા, રહે.સવાપુર,તા. તલોદ જી. સાબરકાંઠાનાઓની મુદ્દામાલ પરત મેળવવાની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. આથી અરજદારે મુદ્દામાલ જેનો આઈ.એમ.ઈ.આઈ. નં .૮૬૦૩૨૭૦૮૮૦૦૭૨૧૨, ૮૬૦૩૨૭૦૮૮૦૦૭૨૦૪ છે. જયારે તેનુ મોડલ

VIVO S/P-X300 FE નો છે અને જેનો કલર નોઈર બ્લેક છે. મોબાઈલ ફોન મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ રકમ કરતાં દોઢી રકમના જામીન અને તેટલી જ રકમના બોન્ડ રજુ કર્યેથી નીચેની શરતોને આધીન વચગાળાના હુકમે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

૧) અરજદારે કેસના આખરી નીકાલ સુધી મુદ્દામાલની ઓળખમાં કોઈપણ પ્રકારનો ફેરફાર થાય તેવુ કૃત્ય કરવુ કરાવવુ નહીં.

૨) અપીલ પીરીયડ સુધી અરજદારે મુદ્દામાલ કોઈને કોઈ પણ રીતે ટ્રાન્સફર, ગીરો, વેચાણ, બક્ષિસ કરવુ કરાવવુ નહી.

૩) અરજદારે મુદ્દામાલ આ કેસના આખરી નીકાલ સુધીમાં નામ. અદાલત જયારે અને જયા રજુ કરવા જણાવે ત્યારે અને ત્યા રજુ કરવાનો રહેશે.

હુકમની યાદી આપવી. જામીન તથા બોન્ડ સંબંધીત પોલીસ સ્ટેશને આપવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૮/૦૬/૨૦૨૬

મુ.તલોદ.

**(એચ.એચ.પટેલ)**

જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. તલોદ.

**(જજ કોડ નં.જીજે૦૧૭૨૨)**

એસ.એ.રીદબ્લોચ